દર મહિનાની ૮ તારીખે અંક પ્રસિધ્ધ થાય છે.

પંચવર્ષિય રૂા. ૫૦૦, આજીવન રૂા. ૨૦૦૦, છુટક નકલ ૧ નંગના રૂા. ૧૦

નવેમ્બર : ૨૦૨૫ | વર્ષ - ૩૦ | અંક : ૧૧ સળંગ અંક : ૪૨૨

www.satvaramahamandal.org, email : darpan@satvaramahamandal.org

॥ જય સિદ્ધનાથ ॥ ॥ જય સતવારા ॥

## શ્રી સમસ્ત સતવારા મહામંડળ દ્વારા પ્રકાશિત

### માસિક

# સતવારા દર્પણ



**પ્રમુખશ્રી**
શંકરભાઈ આર. દલવાડી
મો. ૯૮૨૪૫ ૦૩૯૨૨

**સતવારા દર્પણ તંત્રીશ્રી**
રમણલાલ સી. મકવાણા
મો. ૯૮૨૪૭ ૮૮૨૦૧

**મહામંત્રીશ્રી**
રાજેશભાઈ કે. મકવાણા
મો. ૯૪૨૬૩ ૯૪૯૯૯

# Ozat
## Theme Park & Resort



**સતવારા સમાજ માટે ગૌરવ સમાન રિસોર્ટ**
**વોટર પાર્ક તેમજ એડવેન્ચર પાર્ક**

જ્ઞાતિબંધુઓ માટે ખાસ વાર-તહેવાર રજા
તેમજ વેકેશન માણવા માટે સાસણ-ગીરના દ્વાર
સમાન જુનાગઢ-મેંદરડા રોડ પર ઓઝત નદીના
કિનારે અને ગિરનાર પર્વતની ટેકરીઓ સામે...

જ્ઞાતિની શાળાઓ, કોલેજ, ટયુશન કલાસીસ
ધરાવતા શિક્ષણવિદો માટે પિકનીકનું સ્થળ...

**મેરેજ ફંકશન તથા પ્રિ-વેડીંગ શુટ માટે વિશાળ જગ્યાની સુવિધા...**

Anandpur Dam, Mendarda Highway, Junagadh
**Park +91 97252 10510 M. +91 97243 62243**

# શ્રી સમસ્ત સતવારા મહામંડળના હોદ્દેદારો તથા ટ્રસ્ટીશ્રીઓની યાદી

- પ્રમુખશ્રી : શંકરભાઈ આર. દલવાડી
  લીંબડી - મો. : ૯૮૨૪૫૦૩૯૨૨
- ઉપપ્રમુખશ્રી પ્રોફે.ડો.લક્ષ્મણભાઈ એમ.કંઝારીયા
  મોરબી- મો. : ૯૪૨૬૨ ૨૬૧૭૫
- ઉપ પ્રમુખશ્રી : ડી. એલ. પરમાર
  ભાટીયા - મો. : ૯૪૨૭૪ ૪૪૭૦૦
- ઉપ પ્રમુખશ્રી : પ્રભુલાલ આર. નકુમ
  રાજકોટ - મો. : ૯૮૨૫૨૧૬૮૦૩
- ઉપ પ્રમુખશ્રી : કાનજીભાઈ ઓ. પરમાર
  જામનગર-મો. : ૯૪૨૭૨ ૮૧૫૫૧
- ઉપપ્રમુખશ્રી : ડો. જીગ્નેશભાઈ એમ. હડીયલ
  બોટાદ - મો. : ૯૭૧૪૨ ૭૫૦૨૭
- ઉપપ્રમુખશ્રી : કાળુભાઈ ડી. રંગાડીયા
  અમદાવાદ-મો. : ૯૯૨૫૩ ૬૨૭૬૩
- મહામંત્રીશ્રી : રાજેશભાઈ કે. મકવાણા
  ધંધુકા- મો. : ૯૪૨૬૩ ૯૪૯૯૯
- મંત્રીશ્રી : રસીકભાઈ પી. સતવારા
  માંડલ -મો. : ૯૯૯૮૦૪૨૮૭૯
- મંત્રીશ્રી : પ્રભુદાસ એમ. ડાભી
  જુનાગઢ -મો. : ૯૮૭૯૨૫૫૯૧૯
- મંત્રીશ્રી : ગીરીશભાઈ એસ. લકુમ
  હળવદ -મો. : ૯૮૭૯૩૫૯૧૧૩
- મંત્રીશ્રી : પ્રોફે.ડો. કરશનભાઈ એસ. ચાવડા
  અંકલેશ્વર -મો. : ૮૨૦૦૮ ૭૩૨૯૯
- મંત્રીશ્રી : મહેન્દ્રભાઈ એમ. ચાવડા
  થાનગઢ-મો. : ૯૮૭૯૪ ૯૩૩૦૪
- મંત્રીશ્રી : દિનેશભાઈ આર. કડીયા
  વિસનગર-મો. : ૯૯૦૯૬ ૭૪૮૦૧
- સંગઠનમંત્રીશ્રીઃ વાલજીભાઈ એન.જાદવ
  થાનગઢ -મો. : ૯૪૨૯૦૯૯૫૫૧
- સહસંગઠનમંત્રીશ્રી : અલ્પેશભાઈ જે. ચાવડા
  અમદાવાદ -મો.: ૯૭૨૫૦ ૦૫૭૫૫
- ખજાનચીશ્રી : વિનોદભાઈ સી. મકવાણા
  અમદાવાદ -મો.: ૯૪૨૬૦ ૫૭૦૬૯
- સહખજાનચીશ્રી : પંકજકુમાર કે. પરમાર
  અમદાવાદ-મો. : ૯૯૯૮૪૪૯૬૮૮
- સતવારા દર્પણ તંત્રીશ્રી :રમણભાઈ સી.મકવાણા
  અમદાવાદ -મો.: ૯૮૨૪૭ ૮૮૨૦૧
- સતવારા દર્પણ સહતંત્રીશ્રીઃશંકરભાઈ પી. કણઝરીયા
  સુરેન્દ્રનગર-મો.: ૮૦૦૦૩૩૧૪૧૧
- ઈન્ટરનલ ઓડીટરશ્રી : અંબાલાલ એલ. સતવારા
  અમદાવાદ - મો. : ૯૯૯૮૦ ૫૯૮૬૦
- સોશીયલ મીડિયા કન્વિનર:શ્રી હિતેષભાઈ પી.જાદવ
  સુરત - મો. : ૯૯૨૪૯૩૪૨૪૬
- સોશીયલ મીડિયા સહ કન્વિનરઃશ્રી હર્ષદભાઈ એમ.મકવાણા
  બોટાદ-મો : ૯૬૨૪૫૩૭૦૫૯

## શ્રી સમસ્ત સતવારા મહામંડળના ટ્રસ્ટીઓ

શ્રી ડો.આર.ડી.રાઠોડ જામનગર - ૯૪૨૯૨૭૧૨૬૭
શ્રી ઠાકરશીભાઈ જે.ચૌહાણ વઢવાણ - ૯૩૨૭૬૭૯૧૬૧
શ્રી કાંતીભાઈ આર પરમાર વઢવાણ - ૯૮૭૯૫૭૦૫૬૭
શ્રી રામજીભાઈ એમ.મકવાણા લીંબડી - ૬૩૫૫૫૮૩૨૪૯
શ્રી ઠાકરશીભાઈ બી. ડુમાણીયા સુરત- ૯૮૨૪૭૩૮૦૧૮
શ્રી રસીકલાલ એમ. કડિયા મહેસાણા- ૯૩૨૭૬૦૪૧૦૯
શ્રી ચતુરભાઈ એમ. ચૌહાણ રતનપર - ૯૭૨૪૩૪૮૭૨૧
શ્રી શંકરભાઈ આર. દલવાડી લીંબડી - ૯૮૨૪૫૦૩૯૨૨
શ્રી રાજેશભાઈ કે. મકવાણા ધંધુકા - ૯૪૨૬૩૯૪૯૯૯

## -: તંત્રી શ્રી સતવારા દર્પણ :-

**શ્રી રમણલાલ સી. મકવાણા**

૨, વાસુદેવનગર, ગીરધરનગર ઓવરબ્રીજ પાસે,
વંદના સ્કુલની બાજુમાં, શાહીબાગ
અમદાવાદ-૩૮૦૦૦૪ મો. : ૯૮૨૪૭ ૮૮૨૦૧

## વધુ સંપર્ક માટે :

### ● પત્ર વ્યવહારના સરનામા ●

-: શ્રી સમસ્ત સતવારા મહામંડળનું કાર્યાલય :-
મહામંત્રીશ્રી : શ્રી રાજેશભાઈ કે. મકવાણા
મો. ૯૪૨૬૩ ૯૪૯૯૯

(૧) સ્વ. સંદિપકુમાર ગોરધનભાઈ નકુમ
(વાનાવડ હાલ જામખંભાળીયા)

**સરનામું : શ્રી સતવારા વિદ્યાર્થી ભવન**

૧૩-પંચાલનગર, સંજીવની કોમ્પલેક્ષ પાછળ,
જુના વાડજ બસ સ્ટેન્ડ પાસે, નવા વાડજ રોડ,
અમદાવાદ-૩૮૦૦૧૩.
ગૃહપતિશ્રી : પરેશભાઈ બી. મકવાણા
વિદ્યાર્થી ભવન વાડજ સંપર્ક નં.મો.૭૦૪૩૭૦૪૪૪૬

### યુ.કે.(લંડન) નિવાસી

(૨) શ્રી હિતેષભાઈ વલ્લભભાઈ પરમાર-(વતન ભાણવડ)
સતવારા વિદ્યાર્થી ભવન-વિદ્યાનગર
ગૃહપતિ શ્રી અશ્વિનભાઈ મકવાણા-મો. ૮૯૮૦૯૩૧૧૯૦
શ્રી મહેશભાઈ કે. સથવારા-મો. ૯૪૨૬૪૧૯૭૯૬
વધુ સંપર્ક માટે મો.નં. : ૯૪૨૬૩૯૪૯૯૯/ ૯૮૨૪૫૦૩૯૨૨

# શ્રી સમસ્ત સતવારા મહામંડળના કારોબારી સભ્યોશ્રીઓની યાદી

| ક્રમ | નામ | ગામ | મોબાઇલ નંબર |
|---|---|---|---|
| (૧) | શ્રી દામજીભાઈ ડી. કણઝારીયા | અમદાવાદ | ૯૮૨૫૨૫૫૦૮૦ |
| (૨) | શ્રી હંસરાજભાઈ વી. સોનગરા | અમદાવાદ | ૯૮૭૯૯૭૭૩૪૮ |
| (૩) | શ્રી અમૃતભાઈ ડી. દલવાડી | અમદાવાદ | ૯૪૨૭૬૦૯૨૩૩ |
| (૪) | શ્રી અરજણભાઈ ડી. ડાભી | અમદાવાદ | ૯૮૨૫૬૪૪૧૭૫ |
| (૫) | શ્રી હરેશભાઈ એન. કણઝરીયા | અમદાવાદ | ૭૦૧૬૨૧૭૨૫૫ |
| (૬) | શ્રી જીતેન્દ્રભાઈ એ. જાદવ | ધંધુકા | ૯૪૨૯૦૨૨૫૪૯ |
| (૭) | શ્રી ભરતભાઈ એમ. ડાભી | ધંધુકા | ૯૪૦૮૩૦૩૮૫૫ |
| (૮) | શ્રી ઈશ્વરભાઈ કે. જામ્બુકીયા | ધંધુકા | ૯૫૩૭૯૭૫૫૫૭ |
| (૯) | શ્રી હર્ષદભાઈ એમ. જાદવ | ગુંજાર | ૯૯૨૫૧૨૯૧૨૪ |
| (૧૦) | શ્રી બાબુભાઈ એમ. ડાભી | બાવળા | ૯૪૨૬૩૦૩૬૨૯ |
| (૧૧) | શ્રી શંકરભાઈ એમ. દલવાડી | વિરમગામ | ૯૮૭૯૨૫૮૭૩૪ |
| (૧૨) | શ્રી શાંતીલાલ એસ. દલવાડી | મોટાગોરૈયા | ૯૯૯૮૬૮૭૧૯૪ |
| (૧૩) | શ્રી લાભુભાઈ એન. ડાભી | સુરેન્દ્રનગર | ૯૯૦૯૧૨૩૨૯૩ |
| (૧૪) | શ્રી ભગવાનભાઈ એફ. પરમાર | વઢવાણ | ૭૫૬૭૦૫૪૩૫૫ |
| (૧૫) | શ્રી ગણેશભાઈ એમ. ખાંદલા | વઢવાણ | ૯૮૭૯૨૫૭૬૩૭ |
| (૧૬) | શ્રી હિંમતભાઈ વી. ચાવડા | લીંબડી | ૯૯૨૪૨૦૦૨૩૪ |
| (૧૭) | શ્રી કલ્પેશભાઈ એસ. ચાવડા | લીંબડી | ૯૭૧૪૧૯૯૯૯૫ |
| (૧૮) | શ્રી પ્રભુભાઈ એન. મકવાણા | પાણશીણા | ૯૯૦૪૧૧૮૧૯૩ |
| (૧૯) | શ્રી ગંગારામભાઈ કે. સોનગરા | સાયલા | ૯૯૭૯૪૪૪૩૬૦ |
| (૨૦) | શ્રી નરેન્દ્રભાઈ આર. લકુમ | સાયલા | ૯૮૯૮૭૩૮૮૩૬ |
| (૨૧) | શ્રી શામજીભાઈ ડી. મોરી | ધાંગધ્રા | ૯૮૨૫૬૪૦૩૨૨ |
| (૨૨) | શ્રી ઘનશ્યામભાઈ એસ. લકુમ | કોઠારીયા | ૯૯૨૫૨૫૯૪૬૭ |
| (૨૩) | શ્રી ઉકાભાઈ બી. મકવાણા | થાનગઢ | ૯૩૨૮૨૭૨૭૯૮ |
| (૨૪) | શ્રી પ્રેમજીભાઈ કે. વઢવાણીયા | ભાવનગર | ૯૮૯૮૧૯૭૧૭૩ |
| (૨૫) | શ્રી રાઘવજીભાઈ એન. કંઝારીયા | મોરબી | ૯૪૨૬૯૫૨૭૨૯ |
| (૨૬) | શ્રી ધર્મેન્દ્રભાઈ એન. કંઝારીયા | મોરબી | ૯૧૭૩૧૬૪૫૩૧ |
| (૨૭) | શ્રી ભુદરભાઈ ડી. જાદવ | મોરબી | ૯૪૨૭૫૬૧૦૦૨ |
| (૨૮) | શ્રી લાલજીભાઈ એસ. ચાવડા | મોરબી | ૯૮૭૯૯૩૦૪૦૪ |
| (૨૯) | શ્રી મેરૂભાઈ કે. કંઝારીયા | મોરબી | ૯૮૨૫૦૯૯૮૦૮ |
| (૩૦) | શ્રી દિનેશભાઈ એ. પરમાર | મોરબી | ૯૪૨૬૪૭૫૯૫૧ |
| (૩૧) | શ્રી કિશોરભાઈ આર. પરમાર | હળવદ | ૯૮૨૫૨૨૭૦૧૨ |
| (૩૨) | શ્રી નાગરભાઈ આર. દલવાડી | હળવદ | ૯૮૨૫૪૨૯૧૧૫ |
| (૩૩) | શ્રી અરજણભાઈ એમ.રાઠોડ | હળવદ | ૯૮૭૯૧૯૧૨૫૩ |
| (૩૪) | શ્રી જગદીશભાઈ ટી. સોનગરા | હળવદ | ૯૮૭૯૧૨૫૦૦૬ |
| (૩૫) | શ્રી મોહનભાઈ આર. નકુમ | સુરત | ૯૬૨૪૨૦૩૧૧૫ |
| (૩૬) | શ્રી કાનજીભાઈ એસ. ચાવડા | સુરત | ૯૪૨૭૭૭૭૦૫૬ |
| (૩૭) | શ્રી રમેશભાઈ એમ. મકવાણા | સુરત | ૯૩૨૮૦૬૮૩૫૯ |
| (૩૮) | શ્રી મુકેશભાઈ જે. પરમાર | ગાંધીધામ | ૯૮૭૯૫૬૯૦૬૪ |
| (૩૯) | શ્રી હંસરાજભાઈ કે. રાઠોડ | ગાંધીધામ | ૯૮૨૫૨૨૭૭૬૬ |
| (૪૦) | શ્રી વલ્લભભાઈ આર. બુમતારીયા | રાજકોટ | ૯૩૨૭૭૮૦૮૪૫ |
| (૪૧) | શ્રી વિનોદભાઈ એલ. રાઠોડ | રાજકોટ | ૯૪૨૬૨૩૭૭૩૯ |
| (૪૨) | શ્રી દિનેશભાઈ ડી. કણઝારીયા | રાજકોટ | ૯૯૦૯૯૯૨૬૬૬ |
| (૪૩) | શ્રી અમૃતભાઈ જી. નકુમ | રાજકોટ | ૯૮૨૪૨૩૨૮૬૨ |
| (૪૪) | શ્રી મહેશભાઈ એમ. નકુમ | જામનગર | ૯૪૨૬૨૨૬૨૪૧ |
| (૪૫) | શ્રી મગનભાઈ જી. પરમાર | જામનગર | ૯૬૮૭૫૨૯૩૬૨ |
| (૪૬) | શ્રી સુનીલભાઈ એચ. રાઠોડ | જામનગર | ૯૮૨૪૪૨૨૦૯૬ |
| (૪૭) | શ્રી હરીશભાઈ ડી. ધારવીયા | જામનગર | ૯૮૨૪૨૩૯૩૧૧ |
| (૪૮) | શ્રી રમણીકભાઈ એમ. ચૌહાણ | જામનગર | ૯૪૨૬૭૧૪૩૧૪ |
| (૪૯) | શ્રી શ્રી રાજેશભાઈ આર. રાઠોડ | જામનગર | ૯૮૨૪૨૪૫૯૭૦ |
| (૫૦) | શ્રી તુલસીભાઈ આર. નકુમ | જામનગર | ૯૯૭૯૯૮૭૮૭૬ |
| (૫૧) | શ્રી કૈલાશભાઈ એન. કણઝારીયા | જામખંભાળીયા | ૯૫૧૦૯૫૭૮૯૯ |
| (૫૨) | શ્રી પ્રકાશભાઈ એલ. કણઝારીયા | જામખંભાળીયા | ૯૮૭૯૪૯૧૪૩૨ |
| (૫૩) | શ્રી જયંતીભાઈ ડી. નકુમ | જામખંભાળીયા | ૯૪૨૬૪૪૨૩૮૪ |
| (૫૪) | શ્રી લક્ષ્મણભાઈ બી. નકુમ | જામગઢકા | ૯૮૨૫૫૧૧૮૭૯ |
| (૫૫) | શ્રી વસંતભાઈ ડી. કણઝારીયા | દ્વારકા | ૯૮૭૯૪૭૯૯૦૫ |
| (૫૬) | શ્રી ચંદ્રકાન્તભાઈ જે. કણઝારીયા | દ્વારકા | ૭૬૦૦૪૨૭૪૪૦ |
| (૫૭) | શ્રી રતનશીભાઈ વી. કણઝારીયા | કેનેડી | ૯૪૨૬૨૬૪૯૮૭ |
| (૫૮) | શ્રી લક્ષ્મણભાઈ કે. બુમતારીયા | જુનાગઢ | ૯૪૨૮૯૫૧૧૨૩ |
| (૫૯) | શ્રી રમણીકભાઈ એચ. પરમાર | ભાયાવદર | ૯૪૨૬૯૭૪૩૩૩ |
| (૬૦) | શ્રી મેઘજીભાઈ એલ. સોનગરા | પોરબંદર | ૯૮૭૯૨૨૬૫૦૩ |
| (૬૧) | શ્રી દામજીભાઈ ડી. સોનગરા | પોરબંદર | ૯૯૦૪૦૩૦૩૪૫ |
| (૬૨) | શ્રી મનસુખભાઈ જે. જાદવ | બોટાદ | ૯૮૨૪૨૩૭૫૬૧ |
| (૬૩) | શ્રી ગણપતભાઈ સી. કણઝરીયા | બોટાદ | ૯૯૨૪૯૭૩૪૬૫ |
| (૬૪) | શ્રી અશ્વિનભાઈ જી. ખસીયા | બોટાદ | ૯૯૨૪૫૭૬૩૨૨ |
| (૬૫) | શ્રી પ્રકાશભાઈ આઈ. સોનગરા | બોટાદ | ૯૯૭૪૯૬૧૭૪૫ |
| (૬૬) | શ્રી જેસીંગભાઈ જી. લકુમ | બોટાદ | ૯૮૨૪૨૩૫૮૧૧ |
| (૬૭) | શ્રી ભરતભાઈ બી. કણઝરીયા | લાઠીદડ | ૯૭૨૩૩૧૦૪૭૮ |
| (૬૮) | શ્રી પ્રેમજીભાઈ વી. કણઝરીયા | બગડ | ૯૯૨૫૬૬૦૬૧૧ |
| (૬૯) | શ્રી પરેશભાઈ બી. પરમાર | બરવાળા | ૯૨૬૫૦૨૭૯૧૭ |
| (૭૦) | શ્રી રમેશભાઈ એ. મકવાણા | લાખણકા | ૯૭૨૭૪૯૨૦૩૧ |
| (૭૧) | શ્રી જગદીશભાઈ જે. દલવાડી | રાણપુર | ૭૯૯૦૧૦૨૪૩૮ |
| (૭૨) | શ્રી ભાવેશભાઈ ડી. ઝામ્બુકીયા | બોડીયા | ૭૬૯૮૪૪૧૫૯૯ |
| (૭૩) | શ્રી દયાળજીભાઈ પી. કણઝરીયા | વડોદરા | ૯૪૨૬૭૦૫૬૨૦ |
| (૭૪) | શ્રી નરેશભાઈ આર. ચાવડા | વડોદરા | ૯૮૨૫૮૩૨૩૭૦ |
| (૭૫) | શ્રી દિનેશભાઈ જે. પરમાર | ગાંધીનગર | ૯૯૨૫૨૧૨૭૪૧ |
| (૭૬) | શ્રી સૂર્યકાન્તભાઈ એન. ડાભી | ગાંધીનગર | ૯૯૨૫૫૯૫૧૮૯ |
| (૭૭) | શ્રી પ્રો. વિશાલભાઈ એ. કણઝારીયા | વિદ્યાનગર | ૮૭૮૦૩૭૯૯૬૬ |
| (૭૮) | શ્રી ચતુરભાઈ એમ. રંગાડીયા | નડીયાદ | ૯૮૯૮૬૬૧૨૪૬ |
| (૭૯) | શ્રી ધર્મેન્દ્રભાઈ એસ. કડીયા | મહેસાણા | ૮૭૩૫૮૭૮૬૪૬ |
| (૮૦) | શ્રી દશરથભાઈ એમ. સથવારા | ખેરાલુ | ૯૪૨૬૩૮૫૬૮૯ |
| (૮૧) | શ્રી મનુભાઈ એસ. સથવારા | ઉમતા | ૯૯૦૯૪૯૫૮૭૯ |
| (૮૨) | શ્રી નારણભાઈ આઈ. સથવારા | વસઈ | ૯૪૨૮૩૫૫૬૦૬ |
| (૮૩) | શ્રી કૃષ્ણકાંત આઈ. સથવારા | વિજાપુર | ૯૪૨૬૫૬૮૭૫૬ |
| (૮૪) | શ્રી મુકેશભાઈ એમ. સથવારા | પાટણ | ૯૯૨૫૫૫૩૫૫૬ |
| (૮૫) | શ્રી મુળજીભાઈ આર. દલવાડી | લોલાડા | ૯૮૯૮૯૧૭૩૧૯ |



શ્રી જગદીશભાઈ એમ. મકવાણા

# શુભ દિપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદન

શુજ્ઞ જ્ઞાતિજનો.... સાદર નમસ્કાર

ઝગમગતા દીવાની ચમકથી પ્રકાશિત આ દિવાળી આનંદ, ઉત્સાહ, અને ઉમંગ સાથે આપના ઘર આંગણામાં ધન, ધાન્ય, સુખ અને સમૃદ્ધિથી ભરી દે તેમજ ઈષ્ટદેવ સિદ્ધનાથ મહાદેવની અનંત કૃપા સાથે વિક્રમ સંવત ૨૦૮૨ના નૂતન વર્ષે સમાજનો સર્વાંગી વિકાસ થાય તેમજ એક એક વ્યક્તિઓનું જીવન ખુશીઓથી ભરેલું રહે તેવી અંતઃકરણ પૂર્વકની શુભેચ્છાઓ સાથે સૌને શુભ દિપાવલી તેમજ નૂતન વર્ષાભિનંદન....

મારા રાજકીય જીવનમાં પાર્ટીની સાથે સાથે સમાજનો સહકાર ખૂબ જ રહ્યો છે. આપ સૌના આશીર્વાદથી વઢવાણ વિધાનસભા સીટ ઉપરથી ધારાસભ્ય બની ગુજરાત વિધાનસભામાં નાયબ મુખ્ય દંડક તરીકેની જવાબદારી પ્રાપ્ત થઈ છે જે આપણા સમાજ પ્રત્યે તમામ સમાજનો પ્રેમ ભાવ દેખાય છે. સમાજે મને દીકરા તરીકે ખૂબ જ પ્રેમ અને આદર આપ્યો છે ઠેકઠેકાણે મારૂં અભિવાદન કર્યું છે જે અવિસ્મરણીય છે. તમામ સમાજને સાથે લઈ ચાલવું એ મારો સ્વભાવ છે તેમાં સમાજને પણ વિશેષ સ્વરૂપે પ્રાધાન્ય આપું છું. ભગવાનની કૃપાથી સમાજનો તમામ ક્ષેત્રે વિકાસ થઈ રહ્યો છે. જેમાં શૈક્ષણિક ક્ષેત્રે સમાજે હરણફાળ ભરી છે. રાજ્યના પાટનગર એવા ગાંધીનગરમાં, સૌરાષ્ટ્રના મુખ્ય સેન્ટર એવા રાજકોટમાં અને ગુજરાતનું હાઈટેક સિટી એવા અમદાવાદ વાડજમાં સમાજનું નવું બીજું ભવન નિર્માણ પામી રહ્યું છે. સમાજના લોકો શિક્ષણ ક્ષેત્રે જાગૃત બની શૈક્ષણિક કાર્યમાં પોતાની જીવન મૂડી પણ દાનમાં આપી રહ્યા છે. ઉદાહરણ સ્વરૂપે ધંધુકા પાસેના જાળીલા ગામના નરેશભાઈ કણજારીયાએ પોતાની નોકરીની નિવૃત્તિ પછી એક કરોડ કરતાં વધારે રકમનું દાન આપી સમાજ પ્રત્યેનો ભાવ વ્યક્ત કરી સમાજ જીવનને પ્રેરણા પૂરી પાડી છે. તેમજ ધંધુકામાં પણ સતવારા ભવન બનાવવામાં તેમણે ખુબજ મોટું દાન આપેલ છે. આપણે સ્વદેશી બનાવટની વસ્તુઓ જ ખરીદવાની છે આત્મ નિર્ભર બનાવવાનું છે બીજુ ''સ્વચ્છ ભારત'' પણ બનાવવાનું છે તેમાં આપ સૌનો સહયોગ હોવો જરૂરી છે. તો જ આ કાર્ય સફળ થશે. સમાજમાં નામી અનામી અસંખ્ય દાતાઓ ફૂલ નહીં તો ફૂલની પાંખડી સ્વરૂપે પોતાનું આર્થિક યોગદાન આપી રહ્યા છે. તમામ દાતાશ્રીઓને નૂતન વર્ષે અભિનંદન સહ નતમસ્તકે વંદન કરૂં છું. પુનઃ આપ સૌને નવા વર્ષના જય સિદ્ધનાથ...રામ રામ જયશ્રી કૃષ્ણ અને જય સ્વામિનારાયણ આપનો

**શ્રી જગદીશભાઈ મકવાણા ધારાસભ્ય, વઢવાણ અને નાયબ મુખ્ય દંડક ગુજરાત સરકાર**

# નૂતન વર્ષાભિનંદન



શ્રી શંકરભાઈ આર. દલવાડી

વ્હાલા જ્ઞાતિજનો

નવું વર્ષ ૨૦૮૨નું સમાજના દરેક વ્યક્તિને શારીરિક, માનસીક, આનંદ, ઉત્સાહ પ્રેરણાદાયી, મંગલકારી, સુખાકારી, નિરોગી રાખે અને અધંકાર પછી સૌના જીવનમાં પ્રકાશ પથરાય તેવી મારી અંતઃકરણથી શુભેચ્છા સમાજના લોકોએ સતવારા વિદ્યાર્થીભવન, વાડજ, અમદાવાદ અને બીજુ સતવારા વિદ્યાર્થીભવન વલ્લભવિદ્યાનગર ત્યાર બાદ સ્વ. જતનબેન કુબેરભાઈ વિરાભા રાઠોડ સતવારા ભવન હરિદ્વાર આ ચારેય મોટા પ્રોજેકટમાં સમાજે ઘણો સહયોગ આપેલો છે. સમાજના સ્વપ્ન પુરા કર્યા. શ્રી સમસ્ત સતવારા મહામંડળ દ્વારા સતવારા ભવન વાડજ અમદાવાદ ખાતે દસ્તાવેજ તેમજ ખાત મુર્હત તા. ૨૧-૮-૨૦૨૪ના રોજ થયેલું સમાજે ખોબે ખોબે ફાળો આપ્યો છે. આ ભવનના મજુરીના દાતા પણ મળી ગયા છે. આવતા શૈક્ષણિક વર્ષ સુધીમાં સમાજના ભવનનું નિર્માણ પુરૂં થઈ જશે તેવી આશા છે. કન્યાના શિક્ષણ દાતાઓ ફાળો નોંધાવે છે. તેઓ જલ્દી આપે તેવી વિનંતી છે. તો જે આપણું ભવન તૈયાર થશે ઝાઝા હાથ રળિયામણા આ ભવન માટે સમાજે અકલ્પનીય દાન ભેટ આપેલ છે. તેમને હું નત મસ્તકે પ્રણામ કરૂં છું. હવેનું લક્ષ સતવારા વિદ્યાર્થીભવન ગાંધીનગર, અને કન્યા છાત્રાલય રાજકોટ આ મોટા બે પ્રોજેક્ટ આ માટે સમાજ સહયોગ અને સહકાર આપશે જેથી વહેલી તકે પુરા થાય તેની મને પુરેપુરી ખાત્રી છે. સુરત અને વડોદરામાં પણ આપણા ભવનો છે. આપણા મહામંડળ દ્વારા પ્રકાશિત સતવારા દર્પણના જે લોકો સભ્ય નથી તો તેઓ સતવારા દર્પણના સભ્ય થવા મારી નમ્ર અપીલ છે. નવા વર્ષમાં સૌના સહકારથી સમાજના સારા કાર્યો થાય તેવી મારી શુભકામનાઓ છે. જય સિદ્ધનાથ

**શ્રી શંકરભાઈ આર. દલવાડી-પ્રમુખ શ્રી સમસ્ત સતવારા મહામંડળ**

## નૂતન વર્ષાભિનંદન



શ્રી રાજેશભાઈ કે. મકવાણા-મહામંત્રી

વ્હાલા જ્ઞાતિજનો,

આવનારૂં નવું વર્ષ ૨૦૮૨, સુખદાયી, સમૃદ્ધિ સંપત્તિ વધારે, નિરોગી, મંગલકારી અને યશસ્વી નિવડે તેવી મારી શુભેચ્છા પાઠવું છું. જીંદગીમાં શું નવું ઉમેરવાનું છે ?? જે ગયું એ ગયુ. ઘણું બધું ભુલીને અને વેરને પ્રેમમાં - સ્નેહમાં બદલવાનું વર્ષ એટલે નવુ વર્ષ. જેમણે કન્યા છાત્રાલય વાડજ ખાતે ફાળો નોંધાવ્યો છે તેઓ જલ્દી ફાળો જમા કરાવે તેવી વિનંતી છે.

વ્યક્તિ સ્વતંત્ર છે કારણ કે તેનામાં રહેલો વિજ્ઞાનમય અને આનંદમય પરમાત્મા પણ પરમ સ્વતંત્ર છે. સમયની સાથે માણસ ઉગવો અને ખીલવો જોઈએ અને અણગમાને ખંખેરી નાખો. નવુ વર્ષ છે. આવો નવી આશા અને નવી શક્તિનો સંચાર...આપને દિવાળી અને નવાવર્ષની હાર્દિક શુભેચ્છા પાઠવું છું. વાડજ ખાતે સતવારા ભવનનું નિર્માણ શરૂ થઈ ગયેલ છે.

**શ્રી રાજેશભાઈ કે. મકવાણા - મહામંત્રી -શ્રી સમસ્ત સતવારા મહામંડળ**



શ્રી રમણલાલ સી. મકવાણા

## નૂતન વર્ષાભિનંદન

વ્હાલા આદરણીય જ્ઞાતિજનો,

આનંદ, ઉત્સાહ, ઉમંગ અને ખુશીનું પર્વ એટલે જ દિવાળીનું પર્વ, અંધકાર પર પ્રકાશનો, અજ્ઞાન પર જ્ઞાન, બુરાઈ પર અચ્છાઈ, દુરાચાર પર સદાચાર, અસત્ય પર સત્યનો વિજય થાય. સમાજનો દરેક વ્યક્તિ આ બાબતો પર વિજય મેળવે અને જીંદગીની નવી રાહ પર આગળ વધે તેવી નવા વર્ષ સવંત ૨૦૮૨ની હાર્દિક શુભ કામનાઓ તથા શુભેચ્છા. નવા વર્ષમાં "સતવારા દર્પણ" નો વ્યાપ વધે, નવા પંચવર્ષીય, દશ વર્ષિય અને આજીવનના નવા સભ્યો નોંધાય, સતવારા દર્પણ ઘર ઘરની જ્યોત આપના પ્રેમના કારણે બને. દરેક સભ્યો થાય. સતવારા મહામંડળ દ્વારા આનું પ્રકાશન થાય છે. પોસ્ટની થોડીક તકલીફ છે તેને દુર કરવાની ભરપુર અમે કોશિશ કરીએ છીએ. સમાજમાં દરેક વિસ્તારમાં સારા થતા દરેક અમને મોકલેલ કાર્યક્રમો, પ્રોગ્રામો અમોએ પ્રકાશિત કરીએ છીએ. અને ભવિષ્યમાં પણ મોકલશો તેને અમો પ્રકાશિત કરીશું. જેથી સમાજને સારા કાર્યક્રમોની જાણ થાય. હજુ પણ ઘણા સમાજના લોકો પોતાના વિસ્તારમાં થતા સમાજલક્ષી કાર્યક્રમો મોકલતા નથી તેઓને વિનંતી કે તેઓ મોકલે. સમાજના દરેક વિદ્યાર્થીઓ શિક્ષણ ક્ષેત્રે પોતાના કૌશલ્ય દ્વારા સમાજમાં જાગૃતિ લાવે, શૈક્ષણિક કાર્ય માટે હંમેશા મહામંડળ તત્પર છે આના માટે ખડે પગે તૈયાર છે. સતવારા દર્પણનું દુનિયા ભરના આપણો સમાજ વાંચન કરે તે માટે ઓનલાઇન પણ મહામંડળ ની વેબસાઈટ દ્વારા મુકેલ છે. સતવારા ભવન વાડજ ખાતે બીજુ અદ્યતન ભવનનું નિર્માણ કાર્ય શરૂ થઈ ચુક્યું છે. આમ આદમી ઉન્નતીના નવા શિખરો સર કરે તેવી શુભ કામનાઓ સાથે નવું વર્ષ સૌને ફળદાયી, યશસ્વી, નિરોગી અને મંગલમય નીવડે તેવી શુભ કામનાઓ સાથે દરેકને વધાઈ. ફરીથી આપ સૌને શુભેચ્છા પાઠવું છું. જય સિદ્ધનાથ...

**લિ. શ્રી રમણલાલ સી. મકવાણા, તંત્રી શ્રી "સતવારા દર્પણ"**

# શુભ દિપાવલી નૂતન વર્ષાભિનંદન


ડો. શ્રી લખમણભાઈ એમ. કંઝારિયા

વ્હાલા જ્ઞાતિજનો,સર્વેને નૂતન વર્ષાભિનંદન

સંવત ૨૦૮૨ના નવા વર્ષમાં આપ સર્વને અંધકારમાંથી પ્રકાશ, અજ્ઞાનમાંથી જ્ઞાન, અસત્યમાંથી સત્ય, દુરાચારમાંથી સદાચાર તરફ જવાની પ્રેરણા મળે તેવી ઈશ્વર પાસે પ્રાર્થના.

નવું વર્ષ સમગ્ર સમાજ માટે જે યશસ્વી, લાભદાયી, આનંદમય મંગલકારી, આરોગ્યમય નીવડે, તેવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના...

આપણા સમાજે છેલ્લા વર્ષોમાં આર્થિક, સામાજીક, શૈક્ષણિક, અને રાજકીય રીતે સારી પ્રગતિ કરેલ છે. પરંતુ હજુ પણ પરિશ્રમની જરૂર છે. જેમાં સફળ થવાય તેવી ઈશ્વર પાસે પ્રાર્થના. સમાજની પ્રગતિ શિક્ષણના માધ્યમ દ્વારા જ બને શિક્ષણના માધ્યમ દ્વારા સારા નાગરિક બને દેશ, એ દેશ, સમાજ અને કુટુંબના વિકાસનો પાયો છે આપણા સમાજમાં અનેક યુવાન ભાઈ-બહેનો વિવિધ વિષયોમાં ગ્રેજ્યુએટ થયેલા છે. તેઓને વિનંતી કે, તેઓ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરે, પરિક્ષા આપે અને સફળ થાય તેવી શુભકામના. વિદ્યાર્થી ભાઈ-બહેનોના ઉત્કર્ષ માટે ગાંધીનગરમાં, અમદાવાદમાં, રાજકોટમાં, છાત્રાલયોનું કામ ચાલુ છે તે ઝડપથી તૈયાર થાય તેવી અભિલાષા સાથે જય સિદ્ધનાથ..જય સતવારા...

**ડો. શ્રી લખમણભાઈ એમ. કંઝારિયા-મોરબી ઉપપ્રમુખ શ્રી સમસ્ત સતવારા મહામંડળ**

# શુભ દિપાવલી નૂતન વર્ષાભિનંદન


શ્રી ડી.એલ. પરમાર

સુજ્ઞ જ્ઞાતિ બંધુઓ

વિક્રમ સંવત ૨૦૮૨નું નવું વર્ષ તેમજ ધન-તેરસ અને દીપાવલીની આપ સૌ વ્હાલા જનોને મારી હાર્દિક શુભકામનાઓ સાથે અભિનંદન પાઠવું છે.

જ્ઞાતિબંધુઓ વિશ્વ અત્યારે ખૂબ જ કટોકટીના સમયમાંથી પસાર થઈ રહ્યું છે. સૌથી મોટી સમસ્યા માનવજાત માટે યુદ્ધ અને પર્યાવરણની ઊભી થઈ છે. આવા સમયે આપણો ભારત દેશ આપણા માનવતા અને સમાજના હિતેચ્છુ એવા ગુજરાતના પનોતા પુત્ર માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે આપણા દેશની એક અલગ જ ઓળખાણ ઊભી કરી છે. વિશ્વના દેશો આપણી સામે મીટ માંડીને બેઠા છે. અને કોઈને કોઈ રીતે આપણું માર્ગદર્શન તેમજ સહાય ઈચ્છી રહ્યા છે.

આપણો ભારત દેશ ''વસુદેવ કુટુંબકમ''માં માનવા વાળો દેશ છે. આપણા વડાપ્રધાન તેમજ સરકારશ્રી દ્વારા આ અંગે સમગ્ર વિશ્વનું ધ્યાન દોરેલું છે. આવા સમયે આપણો સતવારા સમાજ ખૂબ જ શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક સરકારને સહાયક બનીએ અને સમાજ માટે એક પંથ બની સતત સમાજ સેવા કરતા રહીએ. અને આપણો સમાજ બીજા અન્ય સમાજો કરતા કોઈપણ ક્ષેત્રે પાછળ ન રહે તે માટે પ્રયત્નશીલ બનીએ એવી સૌને મારી નમ્ર પ્રાર્થના છે. નવા વર્ષમાં શૈક્ષણિક સંસ્થાઓ અને સામાજીક સંસ્થાઓમાં વિશાળ દિલથી દાન આપીએ અને સંસ્થાઓ પ્રત્યે આપણી નિષ્ઠા વ્યકત કરીએ એ જ અભ્યર્થના.ભગવાન દ્વારકાધીશ સૌને દીર્ઘાયુ આપે એવી મારી ભગવાનને પ્રાર્થના છે. **શ્રી સમસ્ત સતવારા મહામંડળ ઉપપ્રમુખઃ વકીલ ડી.એલ. પરમાર- ગામ ભાટીયા**

**ગુજરાત તેમજ દેશ-વિદેશમાં વસતા સમગ્ર વ્હાલા સતવારા સમાજના પરિવારોને દીપાવલી પર્વ તેમજ વિક્રમ સંવતના ૨૦૮૨ નૂતન વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ....**



**ડો. જીગ્નેશ એમ. હડિયલ - ઉપપ્રમુખ**

પ્રભુ એટલું આપજો કુટુંબ પોષણ થાય,
ભૂખ્યા કોઈ સુવે નહિ, સાધુ સંત સમાય
અતિથિ ભોઠો નવ પડે, આશ્રિત ના દુભાય
જે આવે મમ આંગણે, આશિષ દેતો જાય
સ્વભાવ એવો આપજો, સૌ ઈચ્છે મમ હિત
શત્રુ ઈચ્છે મિત્રતા, પાડોશી ઈચ્છે પ્રીત.
વિચાર વાણી વર્તને, ઈચ્છુ કુશળ ક્ષેમ



આ પર્વ નિમિત્તે સમાજના દરેક વ્યક્તિ સમાજની ઉન્નતિ માટે વિશ્વાસની દીપ શાખા પ્રગટાવી સાથ, સહકાર, સેવા, શિક્ષણ, સંગઠન, સ્વાસ્થ્ય અને સંસ્કાર આ સાત સૂત્રને ચરિતાર્થ કરી આપણો સમાજ પ્રગતિના શિખરો સર કરે એ જ આપણા સૌનો નૂતન વર્ષનો સહિયારો સંકલ્પ હોય. આ નવા વર્ષે આપણે સૌ અંદરો અંદરના વાદ-વિખવાદ, ઈર્ષા, ભાવના, દ્વેષ ભાવના છોડી એક થઈ નેક થઈ ખંભે ખંભો મિલાવી મહામંડળના નેજા નીચે દરેક ગામમાં સમાજનું એક મજબૂત સંગઠન બને એવો આપણે સૌ સહિયારો પ્રયત્ન કરીશું. આ મજબૂત સંગઠન થકી સમાજ શૈક્ષણિક ક્ષેત્રે, રાજકીય ક્ષેત્રે, આર્થિક ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે, તેમજ ઔદ્યોગિક જેવા તમામ ક્ષેત્રે આગળ વધશે એમાં શંકાને કોઈ સ્થાન નથી. આ નવું વર્ષ સમાજના દરેક વ્યક્તિ માટે સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવનાર અગ્રદૂત બની રહે. સમાજમાં પ્રેમ શાંતિ પરસ્પર સર્વાદિતાને વધુને વધુ મજબુત બનાવી સમાજ ઉન્નતિના નવા શિખરો સર કરે, એવી સિદ્ધનાથ દાદાના ચરણોમાં પ્રાર્થના સહ હાર્દિક શુભકામનાઓ. આપ સૌના જીવનમાં ખુશીના દીવા સદાયને માટે પ્રજ્વલિત રહે એજ અભ્યર્થના.

**શ્રી જીગ્નેશ મનહરભાઈ હડિયલ-બોટાદ-ઉપ પ્રમુખ શ્રી સતવારા મહામંડળ**



## દિવાળી તથા નૂતન વર્ષાભિનંદન

આશા છે કે, રોશનીનો આ તહેવાર તમને અને તમારા પરિવારના જીવનને વધુ પ્રકાશિત કરે, તમારા ઘર અને હૃદયને શાંતિ મળે, મારા તરફથી તમને અને તમારા પરિવારને દિવાળીની ખુબ ખુબ શુભેચ્છાઓ.

**શ્રી પ્રભુલાલ આર. નકુમ**
**- ઉપપ્રમુખ**
**શ્રી સમસ્ત સતવારા મહામંડળ**

**શ્રી પ્રભુલાલ આર. નકુમ**



## દિવાળી તથા નૂતન વર્ષાભિનંદન

વ્હાલા જ્ઞાતિજનો,

વિક્રમ સંવત ૨૦૮૨ ની ઉગતિ ઉષાએ આવનારૂં નૂતન વર્ષ શુભ રહે એવી સિદ્ધનાથ દાદાનાં ચરણોમાં પ્રાર્થના.

સાથે સાથે સમાજનો સામાજીક આર્થિક અને રાજકીય વિકાસ થાય એવી અભ્યર્થના સાથે જ નુતન વર્ષના સર્વે જ્ઞાતિ ભાઈઓ, બહેનો અને ભુલકાંઓને જય સિદ્ધનાથ.

**લિ. શ્રી કાળુભાઈ ડી. રંઘાડીયા-ઉપપ્રમુખ**

**શ્રી સમસ્ત સતવારા મહામંડળ**

**શ્રી કાળુભાઈ ડી. રંઘાડીયા**



## નૂતન વર્ષાભિનંદન

પરમ સ્નેહી જ્ઞાતિજનો,

આગામી સંવત વર્ષ ૨૦૮૨ આપને આપના કુટુંબીજનોને તથા સગા વહાલા તથા સ્નેહીજનોને સુખમય અને નિરોગી મંગલકારી, આયુષ્યવાન નિવડે તેવી સિદ્ધનાથ દાદા પાસે પ્રાર્થના. તેમજ આગામી વર્ષ સમાજ માટે એક બીજાના દોષોને ભુલી સમાજ માટે સારા કાર્યો કરીએ તેવી શુભેચ્છા સાથે અમારા સર્વે કુટુંબીજનો વતી સર્વેને નુતન વર્ષાભિનંદન જય સિદ્ધનાથ

**લિ. શ્રી કાનજીભાઈ ઓ. પરમાર - ઉપપ્રમુખ**

**શ્રી સમસ્ત સતવારા મહામંડળ**

**શ્રી કાનજીભાઈ ઓ. પરમાર**

## નૂતન વર્ષાભિનંદન



**ડો. કે.એસ. ચાવડા**

વિક્રમ સંવત ૨૦૮૨ કારતક સુદ પડવો થી શરૂ થતું નવલું વર્ષ નજરાણું લઈને આપણને સૌને સતવારા સમાજના ગુણવત્તા યુકત ઉચ્ચ શિક્ષણના વિકાસ માટે અને કન્યા કેળવણી માટે આપણને સૌને શૈક્ષણિક ક્ષેત્રે દાન પુણ્ય કરવાની અને સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટની આજીવન દાતા સભ્ય બનવાની પ્રેરણા પરમ કૃપાળુ પરમાત્મા આપે એવી અભ્યર્થના અને સમસ્ત સતવારા સમાજના શૈક્ષણિક વિકાસ માટે સૌ જાગૃત બની અને સમાજની શિક્ષણની ભૂખ સંતોષવાના ભગીરથ કાર્યમાં સૌ આપણું નાણાકીય યોગદાન આપી સભ્ય બનવાની નેમ લઈ નવા વર્ષે નવો સંકલ્પ લઈએ. સમાજ સામાજીક, શૈક્ષણિક અને આર્થિક રીતે તમામ ક્ષેત્રોમાં આગળ વધે અને સૌ એક બની સમાજ વિકાસની નેમ લઈને ખરા અર્થમાં સિદ્ધનાથના સુપુત્રો બનીએ. ફરી ફરી સૌને સિદ્ધનાથ મહાદેવ નવા વર્ષે તંદુરસ્તી, દીર્ઘાયું અને દાતારી દાખવવાની તક પૂરી પાડે એ જ અભિલાષા.

**ડો. કે.એસ. ચાવડા - મહામંત્રી**

**સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટ અને મંત્રી સમસ્ત સતવારા મહામંડળ**

## નવા વરહના રામ રામ નૂતન વર્ષાભિનંદન



શ્રી ગિરિશભાઈ લકુમ

સૌ પ્રથમ તો આપ સૌ વડીલો, સ્નેહીજનો, યુવાન મિત્રોને નવા વર્ષના જય સિદ્ધનાથ.

આવનારૂં નવું વર્ષ આપ સૌના જીવનમાં સુખ, શાંતિ, સ્વાસ્થ્ય અને સમૃદ્ધિના આશિષ લઈને આવે તેવી ઈષ્ટદેવ મહાદેવને પ્રાર્થના. આપનું ઊગતું નવું વર્ષ સૂરજની જેમ તેજસ્વી, ચંદ્રની જેમ શીતળ, ગુલાબની જેમ સુવાસિત રહે તેમજ નદીના પ્રવાહની જેમ સતત પ્રગતિના પ્રવાહમાં વહે. નૂતન નવલું વર્ષ આપના અને આપના પરિવાર માટે ખૂબ જ ફળદાયી અને લાભદાયી નીવડે. સદાય સુખનું તોરણ ઝુલતું રહે. ભાગ્યનું પાનું ખૂલતું રહે. ધનનો ભંડાર ભરેલો રહે. જૂનાં વર્ષને પ્રેમથી વિદાય આપીને નવી આશા, નવા અરમાન, નવા સપના અને નવા લક્ષ્યો સાથે સહર્ષ સ્વીકારીએ. ફરી ફરીને આપના અને આપના પરિવારને હૃદયપૂર્વક નવલાં વર્ષની અંતઃકરણથી શુભકામનાઓ પાઠવું છું. જય સિદ્ધનાથ.

**લી. આપનો સમાજ સેવક ગિરિશભાઈ લકુમ,**

**મંત્રીશ્રી સતવારા સમાજ મહામંડળ ગુજરાત**

## શુભ દિપાવલી અને નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ



શ્રી રસીકલાલ પ્રભુદાસ મંડપવાળા

સંવત૨૦૮૨નું નવલું વર્ષ આપના જીવનમાં સુખ-શાંતિ વાળું લાંબુ આયુષ્ય તંદુરસ્ત આરોગ્યવાળું બને. આપ સૌના જીવનમાં નવલા વર્ષમાં નવા નિર્ણયો, નવા સ્વપ્નો સાકાર થાય તેવા ઈષ્ટદેવશ્રી સિદ્ધનાથ મહાદેવને મારી કોટી કોટી પ્રાર્થના.

આવો સૌ સાથે મળી નવી ચેતના ઉર્જા વિશ્વાસ સાથે સમાજના શિક્ષણના રાજકિય તેમજ સામાજીક સ્વપ્નો સાકાર થાય તથા સમાજમાં ઉચ્ચકક્ષાના વિચારો, ચિંતન, દૃઢ નિર્ણયોને ભગવાન પરમાત્મા બળ પૂરૂં પાડે. આપણા સમાજની યુવા પેઢી આગેવાનો, વડિલો, ખેડૂતો તથા બાકીના ધંધાના વિષયોવાળા ધંધાર્થીઓ તેમના વિષયમાં આગવી પ્રતિભા પ્રાપ્ત કરે એવી સિદ્ધનાથ દાદાને સહ હૃદય પ્રાર્થના.

**લિ. આપનો સેવક**

**જાદવ (સતવારા) રસીકલાલ પ્રભુદાસ મંડપવાળા - મંત્રી શ્રી સતવારા મહામંડળ ટ્રસ્ટી શ્રી જયરણછોડ ગુજરાતી ધર્મશાળા દ્વારકા, જુનાગઢ, સોમનાથ સંપર્ક-૯૯૯૮૦૪૨૮૭૯**

## શુભ દિપાવલી અને નૂતન વર્ષાભિનંદન



શ્રી પ્રભુદાસ એમ. ડાભી

પ્રકાશનો આ તહેવાર આપને અને આપના પરિવારના જીવનમાં ઉત્સાહ, સુખ અને તેજ લાવે એવી મારા અને મારા પરિવાર તરફથી દિપાવલી તેમજ સંવત ૨૦૮૨ થી શરૂ થતાં નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ ...આવો આપણે સૌ અખંડ ભારતના નિર્માણમાં સહભાગી બનીએ

**શ્રી પ્રભુદાસ એમ. ડાભી-પ્રમુખ શ્રી સતવારા સમાજ- ખાંભલા, તા. માણાવદર**

**મંત્રી શ્રી સમસ્ત સતવારા મહામંડળ અમદાવાદ ખજાનચી શ્રી સમસ્ત સતવારા સમાજ-જૂનાગઢ**

**મંત્રી શ્રી દિનદયાલ ઉપાધ્યાય ચેરી. અને શૈક્ષણિક ટ્રસ્ટ-માણાવદર**

**મંત્રી શ્રી સમસ્ત સતવારા શૈક્ષણિક એન્ડ ચેરી. ટ્રસ્ટ - ગાંધીનગર (હોસ્ટેલ)**

**આઓ દિપ જલાયે વહા....જહા અભી ભી અંધેરા હૈ,**



શ્રી દિનેશભાઈ આર. કડીયા

## નૂતન વર્ષાભિનંદન

પ્રિય જ્ઞાતિજનો,

સંવત ૨૦૮૨ના વર્ષની શુભકામનાઓ અને આપણું આખું વર્ષ ફળદાયી અને મંગલમય બની રહે અને આપણો સમાજ સર્વાંગી વિકાસ કરે અને આપ સર્વેનું સ્વાસ્થ્ય સારૂં રહે સમાજ સફળતાના શિખરો સર કરે, શૈક્ષણિક રીતે આપણે આગળ આવવું પડશે. રાજકિય ક્ષેત્રે આપણો સમાજ પાછળ છે. તેમાં પણ ખૂબજ મહેનત કરવી જરૂરી છે. નવુ વર્ષ આપ સૌને લાભકારી નીવડે એવી શુભેચ્છા...જય સિદ્ધનાથ

**શ્રી દિનેશભાઈ આર. કડીયા - મંત્રી શ્રી સમસ્ત સતવારા મહામંડળ**

## શુભ દિપાવલી નૂતન વર્ષાભિનંદન



શ્રી મહેન્દ્રભાઈ એમ. ચાવડા

જય સિદ્ધનાથ

શુભમ કરોતી કલ્યાણમારોગ્ય ધન સંપદા શત્રુ બુદ્ધિનો નાશ કર્યો દિપ જ્યોર્તિર્ણમોસ્તુતે લાગણીથી ખળખળતો છે. દિવાળી પ્રેમના રસ્તે છે. દિવાળી એકલા છે જે સફરમાં જીંદગીની એમને જઈને મળો તો છે દિવાળી ઉદાશી કોઈ આંખોમાં ન રહે જરાપણ લઈ ખુશી એમાં ભળે તો છે દિવાળી

દિપના પ્રકાશને નમસ્કાર જે શુભ આરોગ્ય અને સમૃદ્ધિ લાવે છે. દિપકનો પ્રકાશ હરપળે આપના જીવનમાં રોશની લાવે આ શુભ દિવસે પર રોશનીનો ઉત્સવ તમને અને તમારા પરિવાર જીવનને વધુ ને વધુ પ્રકાશીત કરે એવી હૃદયપૂર્વક શુભ કામના માટે હજારો ખુશીઓ લાવે માતા લક્ષ્મીજી તમારા ઘર પરીવાર ઉપર અનરાધાર વરસે બસ એજ શુભ કામનાઓ સાથે લિ.

**લિ. શ્રી મહેન્દ્ર મનસુખભાઈ ચાવડા - મંત્રી શ્રી સમસ્ત સતવારા મહામંડળ**



શ્રી વાલજીભાઈ એન. જાદવ

## નૂતન વર્ષાભિનંદન

જય સિદ્ધનાથ સંવત ૨૦૮૨ નૂતન વર્ષાભિનંદન

નવું વર્ષ આપને તથા આપના પરિવારજનોને આનંદ ઉલ્લાસ સ્વસ્થ તંદુરસ્તીદાયક, સુખ સમૃદ્ધિથી ભરપુર અને મનો સ્વપ્ન સુખદાયક રીતે ફળે તેવી અમારા પરિવારની શુભેચ્છા સમાજનો કુટુંબનો દેશનો વિકાસ શિક્ષણ દ્વારા થાય છે સમાજના આગેવાનોએ ખુબ મહેનત કરી આપણને ઓબીસીમાં લાવ્યા છીએ ઓબીસી થકી નોકરી ધંધામાં ઘણો લાભ મળ્યો છે. આ માટે આપણે સમાજના ઋણી છીએ સમાજનું ઋણ આપણા માટે છે આ ઋણ સમાજના શિક્ષણમાં યથાશક્તિ કન્યા છાત્રાલય વિદ્યાર્થી ભવનમાં દાન આપીએ અને અપાવીએ જેથી કરીને કન્યા છાત્રાલય વિદ્યાર્થીભવનો વહેલા પુરા થઈ શકે

**શ્રી વાલજીભાઈ એન. જાદવ-સંગઠન મંત્રી શ્રી સમસ્ત સતવારા મહામંડળ,**

**એજ્યુકેશન ટ્રસ્ટી લોન કમિટી, હરીદ્વાર ધર્મશાળા ટ્રસ્ટી - ઉપ પ્રમુખ મો.૯૪૨૯૦૯૯૫૫૧-૬૩૫૫૫૮૭૬૮૭**



શ્રી અલ્પેશ જે. ચાવડા

## આપ સૌને મારા નૂતન વર્ષાભિનંદન

સમસ્ત જ્ઞાતિબંધુઓને મારા તેમજ મારા પરિવાર વતી આવનારૂં નવું વર્ષ, આપને નવા વિચાર, નવી ઊર્જા, અને નવા સંકલ્પની સાથે આપને તથા આપના પરિવારને સુખ, શાંતિ અને યશસ્વી તમામ પ્રકારના સુખો પ્રાપ્ત થાય તેવી નૂતન વર્ષનો અરૂણોદય આપના જીવનને નિત્ય નવ્ય ઉર્જાથી ભરપુર કરે તેવી નૂતન વર્ષા અભિનંદનની અનેક અનેક શુભકામનાઓ પાઠવું છું.

**શ્રી અલ્પેશ જે. ચાવડા**
**પ્રભારી આણંદ જિલ્લા-ભાજપ (OBC)**
**સહ સંગઠન મંત્રી - સમસ્ત સતવારા મહામંડળ**



શ્રી વિનોદભાઈ સી. મકવાણા

## નૂતન વર્ષાભિનંદન

સંવત ૨૦૮૨ ની સાલનું નવા વર્ષનું નવલું પ્રભાત સથવારા સમાજની આશા અપેક્ષા પરી પૂર્ણ કરે. સમાજ ઉતરો ઉતર શૈક્ષણિક , આર્થિક, સામાજીક દરેક મોરચા પર પ્રગતિના શિખર સર કરે. સમાજનું યુવા ધન ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી પ્રાપ્ત કરી સમાજને ઉચ્ચ સ્તરે લઈ પ્રગતિના પંથ પર લાવવામાં મદદરૂપ થાય તેવી મંગળમય કામના સહ નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન.

**લિ. શ્રી વિનોદભાઈ સી. મકવાણા (ખજાનચી)**
**શ્રી સમસ્ત સતવારા મહામંડળ,**
**શ્રી સતવારા જ્ઞાતિ મંડળ-અમદાવાદ-ઉપપ્રમુખ**



શ્રી પંકજકુમાર ખોડીદાસ પરમાર

## હાર્દિક શુભકામનાઓ

પ્રિય જ્ઞાતિ બંધુઓ,

નવા વર્ષના આ પાવન પ્રસંગે સમસ્ત સતવારા મહા મંડળ તરફથી આપ સૌને હાર્દિક શુભકામનાઓ ઈશ્વર આપ સૌના જીવનમાં સુખ, સમૃદ્ધિ, સ્વાસ્થ્ય અને સૌહાર્દ વરસાવે - એવી અમારી હાર્દિક પ્રાર્થના. આપણા સમાજે છેલ્લા કેટલાંક વર્ષોથી શિક્ષણ, સેવા અને એકતાના ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી છે. આ જ વિકાસ યાત્રામાં એક મહત્વપૂર્ણ અધ્યાય તરીકે હવે સમાજે દીકરીઓના શિક્ષણ અને નિવાસ માટે કન્યા છાત્રાલયનું નવનિર્માણ હાથ ધર્યું છે. આ છાત્રાલય માત્ર ઈમારત નથી. તે આપણાં સમાજના ભવિષ્યનું પવિત્ર ધર્મસ્થાન છે. જેમાં આપણી દીકરીઓ માટે શિક્ષણ, સ્વાવલંબન અને સંસ્કારના દ્વાર ખુલી રહેશે આ પવિત્ર કાર્યને વધુ સુવિધાસભર બનાવવા માટે આપ સૌનો સહયોગ હૃદયપૂર્વકનું યોગદાન આવકાર્ય છે. આવનારા નવા વર્ષથી આ છાત્રાલયનો શુભ આરંભ થાય અને આપણા સમાજની દીકરીઓ ઉજ્જવળ ભવિષ્ય તરફ આગળ વધે- એવી સૌની શુભેચ્છા સાથે.. જય સિદ્ધનાથ, જય સતવારા સમાજ

**શ્રી પંકજકુમાર ખોડીદાસ પરમાર - ખજાનચી - શ્રી સમસ્ત સતવારા મહામંડળ**
**સેક્રેટરી-જય સિદ્ધનાથ કો.ઓપ.ક્રેડિટ એન્ડ સપ્લાય સો.લી.**
**ટ્રસ્ટી શ્રી સતવારા જ્ઞાતિમંડળ અમદાવાદ પૂર્વ-(નરોડા થી નારોલ)**

## નૂતન વર્ષાભિનંદન



શંકરભાઈ કણઝરિયા

દીવાળી પર્વની હાર્દિક શુભ કામનાઓ !

દીવાળીના આ શુભ અવસરે તમારૂં જીવન ખુશીઓથી ભરેલું રહે તેવી શુભેચ્છાઓ ! દીવા અને દીવાળીના આ પાવન પર્વે તમારા જીવનમાં આનંદ અને સમૃદ્ધિમાં ઉમેરો થાય, તેમજ આપ પ્રગતિના નવા શિખરો સર કરો એવી શુભકામનાઓ ! આ દીવાળી તમને પ્રેમ, શાંતિ અને સુખની ભરપૂર ભેટ આપે તેવી શુભેચ્છાઓ ! હેપ્પી દીવાળી !

દીવાળીના આ પર્વે તમારૂં જીવન ઉજ્જવળ અને સુખમય બની રહે તેવા શુભાશિષ, હેપ્પી દીવાળી ! આ દીવાળી આપ અને આપના પરિવાર માટે ખુશીઓ અને સુખનું નવું સરનામું લઈને આવે તેવી હૃદયપૂર્વકની શુભકામનાઓ ! દીવાળીની ખૂબ ખૂબ શુભકામનાઓ ! તમાર જીવનની દરેક ક્ષણ ખુશીઓ અને શાંતિથી ભરેલી રહે તેવા શુભાશિષ ! હેપ્પી દીવાળી ! દીવાળીનું આપર્વ તમારા જીવનમાં સકારાત્મકતા અને ખુશીઓનું ઉમળકું સર્જે તેવી હાર્દિક શુભેચ્છાઓ ! મા લક્ષ્મી તમારા ઘરમાં વસે, તમારા ઘરમાં નવો ઉજાસ અને ઉલ્લાસ પ્રવેશે તેવી સહૃદયની શુભ કામનાઓ ! હેપ્પી દીવાળી ! આ દીવાળીના પર્વે પ્રકાશ અને સમૃદ્ધિના દીપ સદાય જલતા રહે તેવી શુભેચ્છાઓ ! શુભ દીપાવલી ! દીવાળીના આ પર્વે આપના ઘરમાં અને આપના જીવનમાં સુખના તારા પ્રકાશિત થાય, તેમજ ઉત્તરોત્તર પ્રગતિના નવા શિખરો સર કરો એવી શુભકામનાઓ, હેપ્પી દીવાળી ! એન્ડ નૂતન વર્ષાભિનંદન નવા વર્ષના જયસિદ્ધનાથ

**લિ. શંકરભાઈ પ્રાગજીભાઈ કણઝરીયા સહ તંત્રી સતવારા દર્પણ - સુરેન્દ્રનગર**

## વિક્રમ સંવત ૨૦૮૨ના નવલા દિપોત્સવની હાર્દિક શુભ કામનાઓ



શ્રી અંબાલાલ એલ. સતવારા

પ્રિય જ્ઞાતિ બંધુઓ,

આવનાર નવા વર્ષની સમસ્ત સતવારા સમાજને હાર્દિક શુભકામનાઓ.

આવનાર નવા વર્ષમાં આપણા સમાજમાં એકતા સાથે સાથે આર્થિક વિકાસનો સંકલ્પ કરીએ જેમાં સમાજમાં દરેક નાના મોટા વિસ્તારમાં રહેતા આપણા જ્ઞાતિબંધુઓને આર્થિક રીતે મદદરૂપ થઈ શકાય તે માટે દરેક વિસ્તાર-તાલુકા-જીલ્લા કક્ષાએ સહકારી ધોરણે સહકારી ક્રેડીટ સોસાયટીઓની રચના કરી. આપણા સમાજના નાના તેમજ મધ્યમ વર્ગના લોકોને સામાજીક, ધાર્મિક, અને શૈક્ષણિક આર્થિક સહયોગ મળી રહે તેવા ઉમદા હેતુ અર્થે આવનાર નવા વર્ષમાં આપણે સૌ સાથે મળીને આ સ્વપ્નને સાકાર કરવા માટે આપ સૌનો સાથ સહકાર મળી રહે અને સર્વ જ્ઞાતિ પરિવારજનોને સુખ, શાંતિ, સમૃદ્ધિ, ઐશ્વર્ય, અને તંદુરસ્ત રહે એવી શુભકામનાઓ સાથે જય સિદ્ધનાથ, જય સતવારા સમાજ

**શ્રી અંબાલાલ એલ. સતવારા**
**ઇન્ટરનલ ઓડીટર સમસ્ત સતવારા મહામંડળ ચેરમેન,**
**જય સિદ્ધનાથ કો.ઓ.ઓપ. ક્રેડીટ સો. લી.**

# સતવારા સમાજના તમામ જ્ઞાતિ બંધુઓને દિવાળી અને નવા વર્ષની શુભકામનાઓ



હીતેષ પી. જાદવ

પ્રકાશના પવિત્ર પર્વે સતવારા સમાજના તમામ જ્ઞાતિ બંધુઓના જીવનમાં સુખ, સમૃદ્ધિ અને આરોગ્યનો પ્રકાશ ફેલાય તેવી હાર્દિક શુભેચ્છા

દિવાળી આપણને એકતા, પ્રેમ અને સંગઠનની પ્રેરણા આપે છે. ચાલો, આ અવસર પર પરસ્પર સમાજ સેવા શિક્ષણના પ્રસાર અને પરસ્પર સહકાર દ્વારા આપણા સતવારા સમાજને વધુ મજબુત અને વિકાસશીલ બનાવીએ, જ્ઞાનનો દીપ પ્રગટાવી શિક્ષણનો પ્રકાશ દરેક ઘરમાં ફેલાવીએ - કારણ કે શિક્ષિત સમાજ જ સમૃદ્ધ સમાજનું ઘરેણું છે. નવા વર્ષની ઉર્જા અને સેવા ભાવથી ભરપૂર રહે. એકતા સંગઠન અને સકારાત્મક વિચારો દ્વારા આપણે સૌ એકબીજાના સુખ-દુઃખના ભાગીદાર બનીએ

**શ્રી હિતેશભાઈ પી. જાદવ સોશિયલ મીડિયા કન્વીનર તરફથી શ્રી સતવારા સમાજને દિવાળી અને નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ..**



શ્રી હર્ષદભાઈ એમ. મકવાણા

## નૂતન વર્ષાભિનંદન

દિવાળી એટલે હૃદયમાં રહેલા પ્રેમ, લાગણી, સંતોષ, આનંદ, ઉત્સાહના દીવાઓમાં ફરીથી તેલ પુરવાનો અવસર આપ તમામ સમાજના દરેકના જીવનમાં આ બધા દિવાઓ અખંડ જ્યોતિ બની રહે અને આવનાર નવુ વર્ષ મંગળમય મહે તેવી સિદ્ધનાથ દાદાના ચરણોમાં પ્રાર્થના વંદન.

દિપાવલી અને આવનાર નવા વર્ષની ખુબ ખુબ શુભેચ્છાઓ

**સોશિયલ મીડિયાના સહ કન્વીનર શ્રી હર્ષદભાઈ એમ. મકવાણા**

## દિપાવલી તથા નૂતન વર્ષાની શુભેચ્છાઓ



શ્રી રામજીભાઈ મ. મકવાણા
પૂર્વમંત્રી

સર્વે આગેવાનો, કાર્યકરો, યુવા ભાઈ-બહેનો, વ્હાલા વિદ્યાર્થી ભાઈ-બહેનો તથા સર્વે જ્ઞાતિ ભાઈ-બહેનો,

નૂતન વર્ષ આપણા સમાજ ઉપરાંત દેશ અને દુનિયા માટે સામાજીક, આર્થિક, શૈક્ષણિક, રાજકીય, વૈજ્ઞાનિક, ઔદ્યોગિક તથા અન્ય સર્વ ક્ષેત્રે સુખ , શાંતિ , સમૃદ્ધિ-વિકાસ તથા ઉત્તમ આરોગ્ય પ્રદાન કરનાર નીવડે એવી પ્રભુ પ્રાર્થના સાથે સર્વેને દીવાળી - નૂતન વર્ષની કોટિ કોટિ શુભેચ્છાઓ...

**શ્રી રામજીભાઈ મ. મકવાણા**
**પૂર્વમંત્રી**
**શ્રી સમસ્ત સતવારા મહામંડળ**

## શુભ દિપાવલી અને નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ



શ્રી ઠાકરશીભાઈ જે. ચૌહાણ

વ્હાલા જ્ઞાતિજનો

નવુ વર્ષ ૨૦૮૨ સમાજના દરેક વડીલો ભાઈ-બહેનો અને નાના ભુલકાઓનું શારીરિક માનસિક આનંદ-ઉત્સાહ મંગલકારી, સુખાકારી પ્રેરણાદાયી અને નિરોગી રહે. અંધકાર પછી સૌના જીવનમાં પ્રકાશ પથરાય જીવનમાં દરેક પંથમાં સમાજના લોકો પ્રગતિ કરે. લોકો એક બીજાના વેરઝેર ભુલી નવા વર્ષમાં સમાજને પ્રગતીના પંથે લઈ જાય સમાજના બાળકોમાં ભણતર, ઘડતર અને ચણતર ખુબજ જરૂરી છે. આજે બાળકોએ સારી પ્રગતી કરી છે. તેવી મારી આપ સૌને નવલું વર્ષ પ્રગતીનું નવીન બની રહે તેવી હાર્દિક શુભેચ્છા પાઠવું છુ. જય સિદ્ધનાથ...

**શ્રી ઠાકરશીભાઈ જે. ચૌહાણ**

**ટ્રસ્ટી શ્રી, સમસ્ત સતવારા મહામંડળ અને (પૂર્વ મહા મંત્રી)**

## શુભ દિપાવલી નૂતન વર્ષાભિનંદન



શ્રી કાંતીભાઈ આર.પરમાર

વ્હાલા, જ્ઞાતિજનો,

આપ સૌને નવા વર્ષના જય શ્રી કૃષ્ણ... નૂતન વર્ષાભિનંદન

સંવત ૨૦૮૨ આપના પરિવાર માટે યશસ્વી, ફળદાયી, નિરોગી, ચિરદાયી શુકનવંતુ નિવડે તેવી આપણા સિદ્ધનાથ દાદાની કૃપા સમાજના દરેક જ્ઞાતિજનો ઉપર આવે તેવી દાદા પાસે પ્રાર્થના કરૂં છું કે આજે આપણો સમાજ શૈક્ષણિક, આર્થિક રીતે ધીરે ધીરે સદ્ધર થતો જાય છે. તે આપણું પુરૂષાર્થ છે. વિદ્યાર્થીઓ માટે સમસ્ત સતવારા મહામંડળે વિદ્યાર્થીભવન ઉભા કર્યા છે. હવે આપણે આપણી બહેનો, દિકરીઓ, માટે કન્યા છાત્રાલય બનાવવાનો સમય થઇ ગયો છે. ગાંધીનગરમાં ભવન માટે જગ્યા લઈ ભવન તૈયાર થયું છે. સમાજ ફંડફાળો આજ સુધી આપતો રહ્યો છે, અને આપણી કન્યા-દીકરીઓ તથા દીકરાઓ માટે સમાજ પૈસાનો ધોધ વહેવરાવશે તેવી મને આશા છે. નવા વર્ષમાં આ એક સમાજનું મોટું બીડું છે રાજકોટમાં કન્યા છાત્રાલય માટે પણ જગ્યા લઈ લીધી છે તો તેમાં નવા વર્ષમાં આપ સહયોગ આપશો તેવી મને પુરેપુરી ખાત્રી છે. સતવારા ભવન વાડજ ખાતે તા. ૨૧-૮-૨૦૨૪ના રોજ સતવારા ભવનનું ખાતે મુર્હત કર્યું અને દાનભેટ પણ સમાજે ખોબે ખોબે આપેલ છે.

નવ વર્ષના જય સિદ્ધનાથ.

**શ્રી કાંતીભાઈ રાજાભાઈ પરમાર (કાંતી માસ્તર)**

**ટ્રસ્ટી શ્રી સમસ્ત સતવારા મહામંડળ**



ડો. આર.ડી. રાઠોડ

## દિવાળી નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન

વ્હાલા જ્ઞાતિ બંધુઓ,

આજના નવા વર્ષના નવલા દિવસે સમસ્ત સતવારા મહામંડળના હોદેદારો અને સભ્યોને મારા નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન

છેલ્લાં ૩૦ વર્ષથી સમસ્ત સતવારા મહામંડળની રચનાથી, સિદ્ધનાથ રથયાત્રાથી જાગૃતી દ્વારા શિક્ષણ ક્ષેત્રે જે આગેવાની કરીને અમદાવાદમાં, બોર્ડિંગો અને કન્યાઓ માટે બોર્ડિંગ વલ્લભવિદ્યાનગરમાં બોર્ડિંગોની રચના કરી.ભાવી ડૉકટરો, એન્જીનીયરો આર્કિટેક, કોમ્પ્યુટર ટેકનોલોજીસ્ટ વિ. ક્ષેત્રોના નિષ્ણાંતો તૈયાર કરવામાં નિમિત્ત બન્યા છે, સાથો સાથ ડૉ. પેરામેડીકલ ક્ષેત્રે પણ મિલાપોથી જાગૃતી આવી છે. હવે તો જીલ્લા લેવલે ડૉ. એસો. રચાઈ રહ્યા તે સર્વેને અભિનંદન એકબીજાની ઓળખાણ વધે તે માટે મહામંડળના પ્રમુખથી માંડીને સર્વે હોદ્દાઓને મારા નવું વર્ષ સહુને સુખદાયી વરદાયી નિવડે એવી સિદ્ધનાથ દાદાના આશીર્વાદ સાથે પ્રાર્થના જય સિદ્ધનાથ

**લિ.ડો. આર.ડી. રાઠોડ-જામનગર-ટ્રસ્ટી શ્રી સતવારા મહામંડળ**



શ્રી રસિકભાઈ એમ.કડિયા

## શુભ દિપાવલી તથા નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

સંવત ૨૦૮૧ની દિવાળીના દીપોત્સવની રોશની સમાજના સર્વે પ્રિય જ્ઞાતિજનોના જીવન પ્રકાશથી જીવન તેજમય અને આનંદથી ભરપૂર બને તેવી શુભકામના તથા સંવત ૨૦૮૨ના પ્રથમ દિવસ એટલે સર્વેને નુતનવર્ષાભિનંદન નવું વર્ષ આપને સુખદાયી, નિરોગી અને લાભદાયી નીવડે એવી શુભેચ્છા પાઠવું છું. સમાજમાં શિક્ષણ, સંસ્કારોમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શ્રી વિશ્વકર્મા દાદા અને શ્રી સિદ્ધનાથ દાદાને અંતરની પ્રાર્થના.

આપને શ્રી સમસ્ત સતવારા ટ્રસ્ટી શ્રી રસીકભાઈ એમ. કડીયાના જયશ્રી કૃષ્ણ

**લિ. શ્રી રસિકલાલ મણીલાલ કડિયા - ટ્રસ્ટી શ્રી સમસ્ત સતવારા મહામંડળ,**



શ્રી ઠાકરશીભાઈ બી. ડુમાણિયા

## નુતન વર્ષાભિનંદન

વ્હાલા જ્ઞાતિજનો

નવા વર્ષમાં એક નવતર સંકલ્પ કરીએ... સમાજનો ઉત્કર્ષ ઈચ્છીએ ... એકબીજાને પ્રોત્સાહિત કરીએ. આવનારા સમયમાં સમાજની ભીતર જ્ઞાનનો પ્રકાશ અને સંવેદનાની જ્યોત પ્રગટાવીએ .. તોજ આપણા સમાજ પ્રગતિશીલ બની રહે...એકતા હોય તો બધું જ બદલી શકાય છે, જુઓને દીપાવલીના નાનકડા દિવડાઓએ મળી અંધકારમય વરસને જ બદલી નાખ્યું...સમાજ એકતા જિંદાબાદ

નવા વર્ષની અઢળક શુભેચ્છાઓ. આપ સૌનો સેવક

**શ્રી ઠાકરશીભાઈ બી. ડુમાણિયા - ટ્રસ્ટી શ્રી સમસ્ત મહામંડળ**

## નૂતન વર્ષાભિનંદન



શ્રી ચતુરભાઈ એમ. ચૌહાણ

સંવત ૨૦૮૨ના વર્ષની સમસ્ત સમાજને શુભકામના આપનારૂં વર્ષ દરેકને સુખરૂપ. શાંતિરૂપ અને વિકાસરૂપ નિવડે તેવી શ્રી સિદ્ધનાથ દાદાને પ્રાર્થના. છેલ્લા વર્ષોમાં સમાજે જે પ્રગતિ કરી છે. તે જોઈને છાતી ગદ્ ગદ્ ફુલે છે. જેમાં સમસ્ત સતવારા મહામંડળનો તેના દરેક જુના અને ચાલુ હોદ્દેદારો તથા કાર્યકરોનો સભ્યોનો પ્રયત્ન અને સમાજના દરેક વ્યક્તિનો સહકાર મહત્વનો છે. એજ્યુકેશન ટ્રસ્ટનો પણ ખરોજ કહેવાય છે. કે

શતેષુ ખાયને શૂરઃ સહસ્ત્રોસુ ચ પંડિતઃ
વકત્ર દસ સહસ્ત્રેસુ દાના ભવનિ વા ને વા

સોમાં એક શૂરવીર જન્મે છે. હજારમાં એક પંડિત દશ હજારમાં એક વક્તા જન્મે છે. દાન આપનાર તો હોય કે ન પણ હોય પરંતુ આપણા સમાજમાં દાતાઓનો રાફડો ફાટ્યો જેના હિસાબે સમાજે શિક્ષણ વિકાસમાં હરણફાળ ભરી અને સમાજે ખુબ જ વિકાસ કર્યો. દાતાઓના સહકારથી એજ્યુકેશન ટ્રસ્ટનો વિકાસ થયો તેનાથી શિક્ષણનો અને સમાજનો વિકાસ થયો જે ખુબ આનંદની વાત છે. હજુ પણ સમાજ ખુબ વિકાસ પામે તેવી સિદ્ધનાથ દાદાને પ્રાર્થના. સાથે સમસ્ત સમાજને નુતન વર્ષાભિનંદન

**લી. ચતુરભાઈ એમ. ચૌહાણ મો. - ૯૭૨૪૩ ૪૮૭૨૧**
**શ્રી સમસ્ત સતવારા ટ્રસ્ટી શ્રી**

## ઊંઝાની ખોડલ હોમ્સ સોસાયટીમાં વૃદ્ધાશ્રમના વડીલો દ્વારા મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું

ઊંઝાના અંબામણી વિલા પાસે આવેલ ખોડલ હોમ્લ પરિવાર દ્વારા ઊંઝા - પાટણ રોડ ઉપર આવેલ વૃદ્ધાશ્રમના વંદનીય વડીલો દ્વારા નવરાત્રીની આસો સુદ બીજની મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું, વૃદ્ધો દ્વારા નવરાત્રીની આસો સુદ બીજની મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું, વૃદ્ધો તેમને મળેલા આ સન્માન બદલ આનંદ વિભોર બની ગયા હતા.

આ આયોજનમાં ખોડલ હોમ્સના પ્રમુખ શ્રી સુનિલકુમાર સથવારા, મંત્રી શ્રી કેતનભાઈ, શ્રી રમેશભાઈ , શ્રી રમણભાઈ, શ્રી વીરેન્દ્રભાઈ, શ્રી અનિલભાઈ તથા સ્થાનીક તમામ ભાઈ-બહેનો મોટી સંખ્યામાં દર્શન તથા રાસ - ગરબામાં હર્ષભેર જોડાયા હતા.

આ આયોજકોએ કોઈ મોટા નેતા કે આગેવાનને બોલાવવાના બદલે સમાજના આવા દુઃખી-લાચાર વૃદ્ધોના હાથે માતાજીની મહાઆરતી કરાવી સન્માન આપ્યું તે કાર્ય બધેય પ્રશંસાને પાત્ર બની ગયું હતું.

**શ્રી સમસ્ત સતવારા સમાજ-ગોકુલનગર દ્વારા સંચાલિત**

# શ્રી સતવારા સમાજ મહિલા વિકાસ મંડળ

**ગોકુલનગર રડાર રોડ, જામનગર**







# જામનગરમાં ગૌ પુજન સાથે બોળ ચોથ પર્વની ઉજવણી

